بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**અલ્લાહ તઆલાના ફઝલથી હિન્દુસ્તાનમાં હવે જમાઅતનો પરિચય પણ વિવિધ માધ્યમો દ્વારા થાય છે પરંતુ જે કાર્યસેવક છે, જે વાકફીને જીંદગી છે અને મુરબ્બિયાન છે તેમણે વ્યકિતગત રૂપથી પણ પોતાના પ્રયત્નો તેજ કરવાની જરૂર છે. માર પણ પડે છે,વિરોધો પણ થાય છે પરંતુ તે છતાંય આપણે અકલમંદીથી પોતાના પ્રચારનું કાર્ય આગળ વધારવું છે**

સારાંશ ખુત્બા જુમ્મા સૈય્યદના હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામિસ ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.-08-07-2016 સ્થળ: મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું.

અત્રે હું હઝરત મુસ્લેહ મૌઉદ રઝીના હવાલાથી અમુક વાતો પ્રસ્તુત કરીશ જે પોતાની અંદર એક નસિહત અને સબક રાખે છે. અમુક વાતો આપે હઝરત મસીહ મૌઉદ અ.સ.ના હવાલાથી પણ આપે બયાન કરી છે. પ્રથમ વાત પ્રચાર વિશે છે જેમાં હઝરત મુસ્લેહ મૌઉદ અ.સ.એ પાર્ટીશન પછી કાદિયાનની જમાઅતને જલ્સા સાલાનામાં આ સંદેશ મોકલ્યો હતો તેમાં ધ્યાન અપાવ્યું હતુ કે આપ લોકોનું કામ પ્રચાર કરવું છે અને આ વિશે ખબ મહેનતની જરૂર છે. બેશક અલ્લાહ તઆલાએ હઝરત મસીહ મૌઉદ અ.સ.ને ઇલ્હામ દ્વારા ફરમાવ્યું હતુ કે હું તારા પ્રચારને જમીનના ખૂણા સુધી પહોંચાડીશ પરંતુ તેની સાથે જ હઝરત મસીહ મૌઉદ અ.સ.એ જમાઅતના લોકોને પ્રચાર તરફ ધ્યાન અપાવ્યું છે કે મારા પુસ્તકોથી જ્ઞાન હાસેલ કરો અને પ્રચાર કરો જે રીતે આંહઝરત સ.અ.વ.ના સહાબા પ્રચાર કરતાં હતા.

હઝરત મુસ્લેહ મૌઉદ રઝીના સંદેશનો તે ભાગ પ્રસ્તુત કરૂ છું જે પ્રચાર વિશે હતું. કાદિયાનમાં અહેમદીઓની નાની સંખ્યા અને સીમિત સાધનો રહી ગયા છતાં આ ખાસ કાર્ય તરફ આપે ધ્યાન અપાવ્યું છે અને દરવેશોને હિમ્મત પણ આપી અને તેમને હિમ્મત આપવા માટે હઝરત મસીહ મૌઉદ અ.સ.ના યુગનો હવાલો પણ આપ્યો.આપે ફરમાવ્યું કે બેશક કાદિયાનમાં આપની સંખ્યા ત્રણ સો તેર છે પરંતુ તમે આ વાતને ન ભુલ્યા હશો કે જયારે હઝરત મસીહ મૌઉદ અ.સ.એ કાદિયાનમાં ખુદા તઆલાના બતાવેલ કાર્યનો આરંભ કર્યો હતો તે સમયે કાદિયાનમાં અહેમદીઓની સંખ્યા માત્ર બે ત્રણ હતી. ત્રણ સો લોકો ખરેખર ત્રણથી અધિક હોય છે હઝરત મસીહ મૌઉદ અ.સ.ના દાવા સમયે કાદિયાનની આબાદી અગ્યાર સો હતી અગ્યાર સોને ત્રણમાં ભાગ કરે તો ૩૬૬ છે. અર્થાત એકના મુકાબલામાં ૩૬૬ લોકો. જો અત્યારે આ સંદેશ તમે મોકલી રહ્યા છો તો અત્યારે કાદિયાનની આબાદી બાર હઝાર સમજીએ તો મોજુદા અહેમદી આબાદી પ્રમાણે ૩૬ છે અર્થાત છત્રીસના મુકાબલામાં એક અહેમદી અને પહેલાં એક અહેમદી ત્રણ સો છાસઠના મુકાબલામાં હતો. અર્થાત જે સમયે હઝરત મસીહ મૌઉદ અ.સ.એ કામ શરૂ કર્યુ તે સમયથી આપની તાકાત દસ ઘણી વધારે છે પછી જ્યારે હઝરત મસીહ મૌઉદ અ.સ.એ કામ શરૂ કર્યુ તે સમયે કાદિયાન બહાર કોઇ અહેમદી આબાદી ન હતી પરંતુ હવે હિન્દુસ્તાનમાં અનેક સ્થાને અહેમદી જમાઅત કાયમ છે તે જમાઅતોને જગાડવી, વ્યવસ્થિત કરવી, એક નવા ઇરાદા સાથે ઊભા કરવા અને તેમની શકિતઓને જમા કરવી કે તે ઇસ્લામ અને અહેમદીય્યતના પ્રચારને હિન્દુસ્તાનના ચારેય ખુણાંમાં પહોંચડી દે આ આપ લોકોનું કામ છે. આ જ પ્રમાણ શાયદ અત્રે કાદિયાનમાં આબાદીની હોય જો અહેમદી હઝારોમાં છે તો ત્યાં પણ આબાદી વધી હશે, સાધનો પણ અલ્લાહ તઆલાના ફઝલથી ખુબ વધારે છે.અલ્લાહ તઆલાના ફઝલથી હિન્દુસ્તાનમાં હવે જમાઅતનો પરિચય પણ વિવિધ માધ્યમોદ્વારા થાય છે પરંતુ જે કાર્યસેવક છે, જે વાકફીને જીંદગી છે અને મુરબ્બિયાન છે તેમણે વ્યકિતગત રૂપથી પણ પોતાના પ્રયત્નો તેજ કરવાની જરૂર છે. માર પણ પડે છે,વિરોધો પણ થાય છે પરંતુ તે છતાંય આપણે

અકલમંદીથી પોતાના પ્રચારનું કાર્ય આગળ વધારવું છે ઇન્શાઅલ્લાહ. આ વાતને દુનિયાના બીજા દેશોએ પણ સામે રાખવી જોઇએ કે અલ્લાહ તઆલાએ પ્રચાર પ્રસારના કાર્ય કરવાની અને તેને ફેલાવવાની આપણને હિદાયત ફરમાવી છે આ કુરાન શરીફનો પણ હુકમ છે હઝરત મસીહ મૌઉદ અ.સ. એ પણ આ જ ફરમાવ્યું છે. આંહઝરત સ.અ.વ.ને અલ્લાહ તઆલાએ આ જ હુકમ આપ્યો હતો પરંતુ આપણે આના માટે વધારે મજબૂત યોજના બનાવવાની જરૂર છે દરેક સ્થાને દરેક દેશોમાં જેથી તેનાથી આ કાર્યમાં અધિક ફેલાવ આપી શકાય અને પછી પ્રચાર સાથે તે લોકોને સંભાળવું પણ એક ખુબ મોટું કામ છે જે બૈઅત કરીને જમાઅતમાં સામેલ થાય છે.

પછી એક કિસ્સો હઝરત મુસ્લેહ મૌઉદ રઝી બયાન કરે છે જે ખ્વાજા કમાલુદ્દીન સાહેબ પ્રત્યે છે કે પોતાનું જ્ઞાન કેવી રીતે વધાર્યુ હતુ અને તેમની પત્રિકાઓ અને ભાષણોનું રાઝ શું હતું. હઝરત મુસ્લેહ મૌઉદ રઝી ફરમાવે છે કે ખ્વાજા કમાલુદ્દીન સાહેબની કામિયાબીનું મોટુ કારણ એ હતું કે તે હઝરત મસીહ મૌઉદ અ.સ.ની પુસ્તકોનું વાંચન કરતાં અને એક ભાષણ તૈયાર કરતાં હતા પછી કાદિયાન આવીને કંઇક હઝરત ખલીફા અવ્વલથી પુછતાં અને કંઇક અન્ય બીજા લોકોથી અને આ પ્રમાણે એક ભાષણ પૂર્ણ કરી લેતા. પછી તેને લઇને હિન્દુસ્તાનના અમુક સ્થળોની યાત્રા કરતાં અને ખુબ કામિયાબ થતા. આપ ફરમાવે છે કે અને આ રીતે જ કરવું જોઇએ કે જે ભાષણ હોય તેમને વિષય ખુબ તૈયાર કરીને આપવામાં આવે અને તે બહાર જઇને તે જ ભાષણ આપે તેનું પરિણામ એ આવશે કે સિલસિલાના હેતુ પ્રમાણે ભાષણો થશે અને આપણને અહિંયા બેઠા બેઠા માલૂમ થશે કે તેમણે શું બોલવુ છે. અસલ ભાષણ તે જ હશે તે સિવાય જો સ્થાયી રીતે જરૂર હોય તો મદદરૂપી ભાષણોના રૂપમાં તેઓ બીજા વિષય પર બોલી શકે છે.

આમ આ માર્ગદર્શન મુબલ્લગીન માટે પણ છે અને દઆઇને ઇલલ્લાહ માટે પણ અને તે લોકો માટે પણ જે જ્ઞાની સભામાં જાય છે. જો ભાષણ આ રીતે તૈયાર થશે તો મોટા મોટા પ્રોફેસર અને અમુક ધાર્મિક જ્ઞાનીઓ અને અમુક એવા લોકો જે ધર્મ પર દોષારોપણ કરે છે તેમના પર પણ અસર થશે. આ સિવાય આ વાત પણ યાદ રાખવી જોઇએ કે મુરબ્બીયાન તથા મુબલ્લગીનને જમાઅતના લોકો એ જે રીતે જોવા જોઇએ તે રીતે અમુક સ્થાનો એ નથી જોતાં અર્થાત જમાઅતના લોકો પોતાના મુરબ્બી અને મુબલ્લીગનો ખ્યાલ તે રીતે નથી રાખતાં જે રીતે રાખવો જોઇએ આ પ્રકારની ફરિયાદો અમુક સ્થળોથી હજુ પણ આવે છે પરંતુ તેની સાથે જ આ વાત પણ હું કહીશ કે મુરબ્બીયાન અને મુબલ્લગીન પર આ જીમ્મેદારી પણ છે અને વાત તેમના પર આ જીમ્મેદારી પણ નાખે છે કે તેમણે જમાઅતોમાં પોતાનું ચારિત્ર્ય કાયમ કરવા માટે ઇલ્મી અને રૂહાની લેહાઝથી બુલંદ મુકામ હાસેલ કરવાની કોશિશ કરવી જોઇએ જેથી કદાપી જમાઅતના કોઇ પણ વ્યકિતને તેમના વિશે કોઇ પણ ખોટી વાત કરવાની હિમ્મત ન થાય. અમુક સ્થાને અમુક વહીવટી લોકો મુરબ્બીયાન વિશે ખોટી વાતો કરી જાય છે જ્યાં મુરબ્બી સુધારણાનો પ્રયત્ન કરે છે ત્યાં તેના વિરૂધ્ધ વાતો શરૂ કરી દે છે.

પછી દુઆ કબૂલ થવાનો રાઝ શું છે અને તેની હિકમતને જણાવતાં આપ ફરમાવે છે કે હઝરત મસીહ મૌઉદ અ.સ. આ પ્રકારના નિશાન બતાવવા આવ્યા હતા અને એવા બંદા પેદા કરવા આપનો એક મકસદ હતુ જેની દુઆથી અલ્લાહ તઆલા દુનિયામાં મોટી મોટીક્રાંતિઓ પેદા કરી દે. પણ તેનો આ અર્થ નથી કે અલ્લાહ તઆલા દરેક દુઆને જરૂર કબુલ કરી લે છે. હઝરત મસીહ મૌઉદ અ.સ.નો સુપુત્ર મુબારક અહેમદ મૃત્યુ પામ્યો,મોલ્વી અબ્દુલ કરીમ સાહેબ મૃત્યુ પામ્યા. આપે દુઆઓ પણ કરી પરંતુ તે મૃત્યુ પામી ગયા અને આ પણ આપનો એક નિશાન છે કેમકે મિરઝા મુબારક અહેમદ સાહેબ વિશે આપે સમયથી પહેલાં બતાવી દીધુ હતું અને જ્યારે કોઇ વાત સમય પહેલાં કહી દેવામાં આવે તો તે નિશાન બની જાય છે. આમ ન તો એ કે દરેક દુઆ કબુલ થાય છે અને ન એ કે દરેક દુઆ રદ થાય છે. હાં જે દુઆ કબુલ કરવાનું અલ્લાહ તઆલા ફેસલો કરી લે તે જરૂર કબુલ થાય છે તેને કોઇ રદ નથી કરી શકતો

હુઝુર અનવરે ફરમાવ્યું : અમુક નાના નાના કિસ્સાઓ ઘણાં છે હઝરત મસીહ મૌઉદ અ.સ.ના હવાલાથી જે આપે બયાન ફરમાવ્યા. તેમાંથી એક કુબડીનો દાખલો છે હઝરત સાહેબ ફરમાવે છે કે હઝરત મસીહ મૌઉદ અ.સ. એક કુબડીનો દાખલો સંભળાવતા રહેતાં હતા તેની કમર પર ઢેકો નિકળેલ હતો તેનાથી કોઇ એ પુછયુ કે શું તુ આ ચાહે છે કે તારી કમર સીધી થઇ જાય અથવા અન્ય લોકો પણ કુબડા થઇ જાય ? તો જેવુ કે અમુક માનસિકતા હઠીલી હોય છે દ્વેષ પણ રાખે છે. તેણે આગળથી જવાબ આપ્યો કે લાંબો સમય વીતી ગયો હું કુબડો જ રહ્યો અને લોકો મારા કુબડાપન પર હંસતા રહ્યા અને મજાક કરતાં રહ્યા. હવે તો આ સીધુ થવાથી રહ્યું નહી, ઢેકો મારો જે છે એ તો એવો જ રહેવાનો હવે તો વૃધ્ધ થઇ ગયો છું હું. મજા તો ત્યારે છે કે આ બધા લોકો જે છે એ પણ કુબડા હોય અને હું પણ તેમના પર હંસીને જીવ ઠારૂ. તો હવે કહેવાય કે આ પ્રકારની ભાવનાઓ અને દ્વેષ પૂર્ણ માનસિકતાઓ પર હોય છે. તેમને આની કોઇ ઇચ્છા નથી થતી કે મારી તકલીફો દુર થઇ જાય બલ્કે તે ચાહે છે કે બીજી તકલીફોનો પીડિત થઇ જાય. માટે એવા દ્વેષ પૂર્ણ લોકોથી બચવાની પણ આપણે પ્રત્યેકે દુઆ કરવી જોઇએ અને આવા દ્વેષથી બચવા માટે આ પણ દુઆ કરવી જોઇએ કે અમારી પણ આવા દ્વેષીઓમાં ગણતરી ન થાય જે આ પ્રકારની વાતો કરનાર છે.

પછી આંધળાની કહેવત છે આપે ફરમાવ્યું કે હઝરત મસીહ મૌઉદ અ.સ સંભળાવતાં રહેતાં હતા કે કોઇ આંધળો હતો જે રાત્રીના સમયે કોઇનાથી વાતો કરી રહ્યો હતો અને એક વ્યકિતની ઊંઘ ખરાબ થઇ રહી હતી તે કહેવા લાગ્યો કે હાફઝિ જી સૂઈ જાવ. હાફીઝ સાહેબ કહેવા લાગ્યા અમારૂ સૂઇ જવુ શું છે ચૂપ જ થઇ જવુ છે અર્થાત કે સૂવુ આંખો બંધ કરવુ અને ખામોશ થવાનું નામ હોય છે મારી આંખો તો પહેલાંથી જ બંધ છે હવે ખામોશ જ થઇ જવુ છે બીજુ શું હું થઇ જાઉ છું. તો આપ ફરમાવે છે કે મામિન માટે એવી હાલતો જે સંકટની હોય છે તે તકલીફોનું કારણ નથી થઇ શકતી કેમ કે તે કહે છે કે હું તો પહેલાંથી જ આ હાલતોનો અભ્યસ્ત હતો આદતી છું. જેવી રીતે મોમિનને દુનિયા મારવા ચાહે છે તો કહે છે કે મને મારીને શું લેશો,હું તો પહેલાંથી જ ખુદા તઆલા માટે મરેલ છું એ વાત માટે તૈયાર છું જે અલ્લાહ તઆલા ઇચ્છશે હું કરીશ. તેના માટે મારો જીવ હાજર છે. આપ ફરમાવે છે કે દુનિયા મોતથી ઘભરાય છે પરંતુ એક મોમિનને જ્યારે દુનિયા મારવા ચાહે છે તો તે જરાય નથી ઘભરાતો અને કહે છે કે હું તો તે જ દિવસે મરી ગયો હતો જે દિવસે મેં ઇસ્લામ કબૂલ કર્યુ હતું અંતર માત્ર એટલું હતું કે પહેલાં હું ચાલતો ફરતો મુરદો હતો તથા હવે તમે મને ધરતીની અંદર દફન કરી દેશો, મારા માટે કોઇ અધિક અંતર ન હશે. તો વાસ્તવિક મોમિનની આ સોચ હોય છે.

પછી એક ઉદાહરણ આપ અ.સ. સંભળાવતાં હતા કે એક મહિલા કોઇના લગ્નમાં શામેલ થઇ. તે લોભી અને કંજૂસ હતી પરંતુ તેની ભાભી સાહસી હતી સાહસ એટલે કે ભેંટ આપવામાં સાહસી હતી તે મહિલાએ લગ્નમાં એક રૂપીયો ભેંટમાં આપ્યો પરંતુ તેની ભાભી એ વીસ રૂપીયા આપ્યા. જયારે તેઓ પાછા આવ્યા તો તે કંજૂસ મહિલાથી કોઇએ પુછયું કે તમો એ લગ્ન પ્રસંગે શું ખર્ચ કર્યુ તો તેણે કહ્યું કે મેં અને મારી ભાભાએ એકવીસ રૂપીયા આપ્યા છે. આપ ફરમાવે છે કે અમુક લોકો છે, અનેક જમાઅતોમાં, તેઓ વધીને ચંદો આપે છે. તેમના વિશેષ ચંદાને જમાઅતોના પોતાનાથી સંબંધિત કરી દેવું પણ એવું જ છે જેવું તે કંજૂસ મહિલાનું આ કહેવું કે મેં અને મારી ભાભીએ એકવીસ રૂપીયા આપ્યા હતા. પરંતુ અમુક એવા પણ છે ધનવાન લોકો જે કંજૂસ હોય છે તથા જમાઅતના સામૂહિક ચંદાને પોતાની સાથે ગણે છે. એવા પણ ઉદાહરણો સામે આવે છે જો પાતાની સાથે સંબંધિત નથી કરતાં તો ઇઝહાર જરૂર કરે છે કે જેવું કે અમારી જમાઅતે આટલા ચંદા આપ્યા છે. જેવું કે તેમની જમાઅતમાં સૌથી વધારે ચંદો આપનાર છે જ્યારે કે અધિકતર સંખ્યા તે લોકોની હોય છે કે જે નિર્ધન હોય છે જેમણે ચંદો આપ્યો હોય છે અને ધની લોકો આ અનુપાતથી નથી આપી રહ્યા હોતાં.

એક વાર ખેલમાં કેટલીક અનુચિત વાતો થઇ,ધર્મનો ખ્યાલ ન રાખવામાં આવ્યો, સિલસિલની પ્રથાનું ધ્યાન ન રાખવામાં આવ્યું તેના પર નિંદા કરતાં આપે ફરમાવ્યું કે જુઓ હંસી મજાક કરવું જાયઝ છે મનાઇ નથી.રસૂલ કરીમ

સ.અ.વ. પણ મજાક કરતાં હતા. હઝરત મસીહ મૌઉદ અ.સ. પણ મજાક કરતાં હતા, અમે પણ કરી લઇએ છીએ. અમે એ નથી કહેતાં કે અમે હાસ્ય વ્યંગ નથી કરતાં. અમે સો વાર મજાક કરીએ છીએ પરંતુ પોતાના બાળકોથી કરીએ છીએ, પોતાની પત્નિથી કરીએ છીએ,નિકટ સબંધીઓથી કરીએ છીએ પરંતુ એ રીતે નથી કરતાં કે તેમાં કોઇના પર વ્યંગનો રંગ થાય. જો કોઇનું અપમાન થાય, તેની માન મર્યાદા પ્રભાવિત થઇ રહી હોય તો એવો મજાક ઉચિત નથી જો મોંથી એવી વાત નીકળી જાય જેનાથી અપમાનનો રંગ જાહેર થાય તો અસ્તિગફાર કરીએ છીએ અને આ પ્રત્યેકે કરવો જોઇએ. હું તમોને હંસી મજાકથી નથી રોકતો,હું એ કહું છું કે કોઇ વસ્તુંમાં એટલા ન વધો કે જમાઅતની બદનામી થાય. હવે દુનિયામાં પ્રત્યેક સ્થાને માત્ર જમાઅતી રૂપથી, માત્ર કાદિયાન અથવા રબ્વાહની વાત નથી, શેષ અન્ય સ્થાનોએ પણ ખેલ કૂદ થાય છે, જમાઅતના નામે આયોજીત થાય છે. ત્યાં જો આ પ્રકારની વાતો થશે તો અનેક વાર જમાઅત બદનામ થાય છે માટે પ્રત્યેક સ્થાને આ વાતોની સાવધાની હોવી જોઇએ.

આપણા પ્રત્યેક કાર્યમાં આ વાતની અભિવ્યકિત હોવી જોઇએ, ચાહે તે ખેલ કૂદ હોય અથવા સૈર સપાટા છે અથવા કાવ્ય પ્રોગ્રામ છે કે આપણે જમાઅતની પ્રતિષ્ઠાને આંચ ન આવવા દઇએ, તેના સન્માનનું હંમેશા ધ્યાન રાખવું છે, તેની પ્રતિષ્ઠાનું હંમેશા ધ્યાન રાખવું છે. આમ આ જે વાતો મેં કહી છે તે શિક્ષણ રૂપી હતી તે વાતોનું ધ્યાન રાખવું જોઇએ.

---

| Khulasa Khutba Jumma Huzoor Anwar 8 July 2016 |
|---|
| BOOK POST (Printed Matter)<br>To,.........................................................................<br>.............................................................................<br>.............................................................................<br>From: Masroor Manzil, Al-Aman soc. Narol, Ahmedabad-382405 Gujarat. |